

# સગપણ – ચાંદલા વિધિ

**વરપક્ષ અને કન્યાપક્ષ વચ્ચે નવ નિર્માણ થતા સંબંધ**
**સેતુનુ પ્રથમ સોપાન સગપણ ચાંદલા વિધિ**

## વરપક્ષ – સામગ્રી :

બે કોરા કાગળ, લાલ બોલપેન, લખવા માટે પેડ, કંકાવટી કંકુ ચોખા ગોળ ધાણા, એક શણગારેલું શ્રીફળ -મિઠાઈનો બોક્ષ, સાડી - કન્યા માટે દાગીના - ચાંદીના ઝાંઝર, શ્રૃગાંરની વસ્તુઓ, કવર.

## કન્યાપક્ષ – સામગ્રી :

૧ થાળીની અંદર ચિત્રેલું નાળીયેર, મીઠાઇનું બોક્સ.

## રીત :

વરપક્ષ અને કન્યા બંને પક્ષના ભાઈઓએ સ્ટેજ પર બેસવાનું. સૌ પ્રથમ વર અને કન્યા હાથમાં શ્રીફળ લઈને સ્ટેજ પર આવવાનું. પ્રથમ વરપક્ષનું કોરા કાગળપર લખાણ લખવું (અહીં વરપક્ષનું આપેલ ફોરમેટ પ્રમાણે લખવું). પછી કન્યાપક્ષનું બીજા કાગળપર લખાણ કરવું (અહીં કન્યાપક્ષનું આપેલ ફોરમેટ પ્રમાણે લખવું). સગપણના લખાણ પર કંકુના છાંટણા કરવા. સાથિયો કરવો પછી તેના ઉપર અક્ષતના વધામણા કરવા. લખાણ વાંચવું.

વેવાઈઓએ એક બીજાને પરસ્પર ચાંદલા કરી ભેટવું અને ગોળ ધણા ખવડાવી મોં મીઠું કરવું. સ્ટેજ ઉપર બેઠા વડીલોને ચાંદલા કરવા મીઠું મોઢું કરાવી શ્રીફળ આપવું. સૌ પ્રથમ વરની માતા આવી કન્યાને ચાંદલો કરી દાગીના આપે, સાડી-સેલો આપે. પગમાં ઝાંઝર પહેરાવે. પછી કન્યાની માતા વરને ચાંદલો કરી ભેટ સોગાદ આપે અને હાથમાં રાખેલ વર કન્યાના નાળિયેર (શ્રીફળ) અદલા બદલી કરવી ત્રણ નવકાર ગણી પાટ (બાજોઠ) પર બેસવું.

# વરપક્ષ તરફથી પત્ર

॥ શ્રી ગણેશાય નમઃ ॥

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ગામ (ગામનું નામ)ના (છોકરાના પપ્પાનું પુરૂં નામ)

સુપુત્ર ચિ.(છોકરાનું નામ) ના ચાંદલા

ગામ (ગામનું નામ)ના (છોકરીના પપ્પાનું પુરૂં નામ)

સુપુત્રી ચિ.(છોકરીનું નામ) સાથે આજ રોજ

સંવત (તિથી, તારીખ અને વાર) ના

દિવસે રંગેચંગે રાજીથી ખુશીથી કરેલ છે.

લિ.

(છોકરાના પપ્પાનું પુરૂં નામ અને સહી)

(છોકરીના પપ્પાનું પુરૂં નામ અને સહી)





# કન્યાપક્ષ તરફથી પત્ર

॥ શ્રી ગણેશાય નમઃ ॥

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ગામ (ગામનું નામ)ના (છોકરીના પપ્પાનું પુરૂં નામ)

સુપુત્રી ચિ.(છોકરીનું નામ) ના ચાંદલા

ગામ (ગામનું નામ)ના (છોકરાના પપ્પાનું પુરૂં નામ)

સુપુત્ર ચિ.(છોકરાનું નામ) સાથે આજ રોજ

સંવત (તિથી, તારીખ અને વાર) ના

દિવસે રંગેચંગે રાજીથી ખુશીથી કરેલ છે.

લિ.

(છોકરીના પપ્પાનું પુરૂં નામ અને સહી)

(છોકરાના પપ્પાનું પુરૂં નામ અને સહી)



